



# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૧ ૧૨ એપ્રિલ, ૨૦૧૬, મંગળવાર ; ચૈત્ર સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- કેરળ મંદિર અગ્નિકાંડ મામલે પાંચ લોકોની પોલીસ દ્વારા ધરપકડ
- મૃતકોના પરિવારોને ૧૦ લાખ ચંડી સરકાર આપશે
- એનઆઈટી શ્રીનગરના ૫૫ વિદ્યાર્થી વતન રવાના
- ટેલિનોર ભારતથી કારોબારને સમેટી લેવા માટેની તૈયારીમાં
- દુબઈમાં દુનિયાની સૌથી ઉંચી ઇમારત બનાવવા તૈયારી શરૂ
- સબરીમાલામાં મહિલાની એન્ટ્રી પર પ્રતિબંધ કેમ છે : સુપ્રીમ કોર્ટ
- શેરબજારમાં તેજી : ૩૪૮ પોઈન્ટનો સુધારો નોંધાયો
- જેએનયુના પ્રકરણમાં કનૈયા સહિત પાંચની હકાલપટ્ટી થશે
- દક્ષિણ પશ્ચિમ મોનસુન સારૂ રહેવાની સરકારને આશા છે

# મેડીકલ કોર્સ માટે કોમન એન્ટ્રેન્સને સુપ્રીમની મંજૂરી

**દેશભરમાં મેડીકલ કોર્સ માટે નીટના અમલીકરણનો માર્ગ મોકળો : કોમન એન્ટ્રેન્સ ટેસ્ટની કાયદેસરતા માટે નવેસરથી સુનાવણી હાથ ધરવાની સુપ્રીમ કોર્ટની જાહેરાત : કોઈ નિર્ણય ન આવે ત્યાં સુધી નીટ અમલમાં રહેશે**

નવી દિલ્હી,તા. ૧૧

એક મહત્ત્વપૂર્ણ આદેશમાં




સુપ્રીમ કોર્ટે દેશભરમાં મેડીકલ કોર્સ માટે નેશનલ એલિજિબિલટી એન્ટ્રેન્સ ટેસ્ટ (એનઈઈટી-નીટ)ના અમલીકરણ માટેનો માર્ગ મોકળો કરી દીધો છે.મેડીકલ કોર્સ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટને સુપ્રીમ કોર્ટે લીલીઝંડી આપી દીધી છે આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. સુપ્રીમ કોર્ટે આજે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટને મંજૂરી આપતા પોતાના એ ચુકાદાને પાછો ખેંચી લીધો હતો. જેમાં તમામ મેડીકલ કોલેજોમાં એમબીબીએસ, બીબીએસ અને પીજી કોર્સમાં પ્રવેશમાટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટને રદ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. નીટ પર એક સમીક્ષા અરજીની સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોર્ટ કોમનએન્ટ્રેન્સ ટેસ્ટની કાયદેસરતા અંગે નવેસરથી વિચારણા કરશે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી મામલાનો કોઈઅંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી નીટને અમલીકરણ રીતે જારી રાખી શકાય છે. સુપ્રીમ કોર્ટે જૂન ૨૦૧૩માં ચુકાદો આપતાં કહ્યું હતું કે, એમબીબીએસ, બીબીએસ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ કોર્સ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટના આયોજન માટે મેડીકલ કાઉન્સીલનું જાહેરનામું ગેરકાયદે છે. ત્રણ જજ વાળી બેન્ચે ૨-૧ના ચુકાદાથી આ ફેસલો આપ્યો હતો અને કહ્યું હતું જાહેરનામુ બંધારણની વિરુદ્ધમાં છે. એમસીઆઈએ સુપ્રીમ

● અનુસંધાન પાન-૭ પર

# મંદિર નજીક વિસ્ફોટક ભરેલી ત્રણ કાર મળી

**વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવા માટેની મંજૂરી મેળવી લેવાઈ : ઘાયલ થયેલાઓ પૈકી ઘણાની હાલત ગંભીર : ૨૫ લોકોની સામે કેસ દાખલ મંદિર વહીવટી તંત્રના ૧૦ ટ્રસ્ટી ફરાર**

કોલ્લામ,તા. ૧૧

કેરળના કોલ્લામ જિલ્લામાં રવિવારના દિવસે પુત્તિંગલ મંદિરમાં આતશબાજી દરમિયાન અગ્નિકાંડના બનાવમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા બાદ આજે મંદિર નજીક વિસ્ફોટકો ભરેલી ત્રણ કાર મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. પરાવુર મંદિરની નજીક બે કાર મળી આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ફટાકડાઓ ભરેલા હતા. પોલીસે આ સમગ્ર મામલામાં ઊંડી તપાસ હાથ ધરી છે. વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવા માટેની મંજૂરી લઈ લેવામાં આવી છે. પુત્તિંગલ મંદિરની આ ખૌફનાક ઘટનામાં ૪૦૦થી વધારે લોકો દાઝી ગયા હતા. જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ ઘટનાથી બોધપાઠ લઈને ફટાકડા પર પ્રતિબંધ મૂકવાનો ઈન્કારકરી દીધો છે. ટીડીબી રાજ્યના ૧૨૫૫થી વધારે મંદિરોમાં જાળવણીનું કામ કરે છે.



આના અધ્યક્ષ પરાયર ગોપાલકૃષ્ણને કહ્યું છેકે, મંદિરોમાં તહેવાર દરમિયાન આતશબાજી પર પ્રતિબંધ મૂકી શકાય નહી. કારણ કે આપરંપરાના વિરુદ્ધમાં છે. આ બનાવ બાદ પોલીસે ૨૫ લોકોની સામે કેસ દાખલ કર્યો છે. જેમાં ૧૫ મંદિર કમિટીના સભ્ય, બે ફાયરવર્ક્સ કોન્ટ્રાક્ટરો અને આઠ અન્યો સામેલ છે. આ તમામ પર હત્યાના પ્રયાસ સહિત જુદી જુદી કલમો લાગુ કરવામાં આવી છે.

# પાક સરહદે આતંકવાદી અડ્ડા યથાવત

**હાલમાં સેંકડો ત્રાસવાદીઓ તાલીમ લઇ રહ્યા છે : ત્રાસવાદી ગોળીબારનો લાભ ઉઠાવીને ઘુસણખોરી કરવા તૈયાર : પાકિસ્તાનની સેનાનો ત્રાસવાદીઓને ખુલ્લો ટેકો**

નવી દિલ્હી,તા. ૧૧

પાકિસ્તાન ભારતમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવાની ખતરનાક રણનિતી પર હજુ મક્કમ છે. આ જ કારણસર તે સરહદ પર ગોળીબાર કરે છે. પાકિસ્તાન તરફથી હાલમાં કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગ વચ્ચે હવે એવી ચોંકાવનારી માહિતી મળી છે કે પાકિસ્તાની સરહદ પર હાલમાં ૨૫થી ૩૦ ત્રાસવાદી અડ્ડા પણ ચાલી રહ્યા છે. આ ત્રાસવાદી અડ્ડામાં તમામ પ્રકારીન ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જેમાં ઘાતક હથિયારોની તાલીમનો સમાવેશ થાય છે. આ બાબત સાબિત કરે છે કે પાકિસ્તાન ત્રાસવાદ સામે પગલાને લઈને બિલકુલ ગંભીર નથી. આ ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને કોઈ પણ સમય ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે. પાકિસ્તાની સેનાનો ત્રાસવાદીઓને ખુલ્લો ટેકો છે. કારણ કે તેમની હાજરીમાં તેઓ સક્રિય થયેલા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર કરવામાં આવી રહેલા ગોળીબાર પાછળ તેનો ખતરનાક ઈરાદો હોઈ શકે છે. અહેવાલ મુજબ પાકિસ્તાનની સરહદ પર ૨૫-૩૦ ત્રાસવાદી અડ્ડા હાલમાં ચાલી રહ્યા છે. પાકિસ્તાની સરહદ પર ત્રાસવાદીઓએ લોન્ચ પેડ પણ બનાવ્યા છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાની સેના અને ત્રાસવાદીઓ સાથે મળીને લડી રહ્યા છે. પાકિસ્તાની સેના ગોળીબારના છત્ર હેઠળ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. ભારતીય જવાનો તેમની યોજનાને નિષ્ફળ બનાવવા માટે કમર કસી ચુક્યા છે.

# જેલભરો આંદોલન નહિ યોજવા સરકારની સમિતિનું સૂચન

**આંદોલન નહીં કરવાનું પાટીદારોને આરોગ્ય મંત્રી નીતિન પટેલનું સૂચન : પાટીદારો સાથે બે તબક્કામાં વાતચીત કરવામાં આવશે : મુખ્ય માંગણી પર ગંભીરતાથી વિચારણા કરાઈ રહી છે : ઘણી માંગ સ્વીકારી શકાય તેવી નથી**

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ભાજપ સરકારના વરિષ્ઠ પ્રધાન નીતિન પટેલે આજે પત્રકાર પરિષદ યોજી હતી અને પાટીદારોના મુદ્દા ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. નીતિન પટેલે સૂચિત જેલભરો આંદોલન ન કરવા પાટીદારોને અપીલ કરી હતી. સાથે સાથે રાજ્ય અને લોકોના હિતમાં નિર્ણય લેવાની વાત કરી હતી. આ ઉપરાંત નીતિન પટેલે કહ્યું હતું કે, પાટીદારોના આંદોલનના મુદ્દા ઉપર વાતચીત થઈ રહી છે. આંદોલનને ફાળવા માટે બે તબક્કામાં ચર્ચા કરવાની તેમણે જાહેરાત કરી હતી. નીતિન પટેલે એમ પણ કહ્યું હતું કે, મુખ્ય માંગણીઓ ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવશે. જો કે, કેટલાક મુદ્દાઓ વહીવટી દ્રષ્ટિએ

સ્વીકારી શકાય તેમ નથી. ગુજરાત સરકાર પાટીદારો સાથે સંઘર્ષને ટાળવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. ટોળા સામે કેસ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. પાટીદારો દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દા પર ચર્ચા કરી રહ્યા છે. મધ્યસ્થીઓ અને સમાજના અગ્રણીઓને સાથે રાખીને પાટીદારો સાથે આગામી સપ્તાહમાં વાતચીત કરવામાં આવશે. માત્ર અનામત જ નહીં બલ્કે અન્ય મુદ્દાઓ ઉપર પણ વાતચીત કરી રહ્યા છે. સરકાર અને પાટીદારોએ માહિતી માટે કોઈપણ કાર્યક્રમ આપવા જોઈએ નહીં. જેલભરો આંદોલનથી માઠી અસર વાટાઘાટો ઉપર થઈ શકે છે. આંદોલનને સ્થગિત કરવા નીતિન પટેલે પાટીદારોને કહ્યું હતું કે, તેમણે એમ પણ કહ્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે થયેલી વાતચીતના આધાર પર વાતચીત જારી રહેશે. મધ્યસ્થીઓ હાર્દિક પટેલ અને અન્ય લીડરોને મળી શકે છે. બીજી બાજુ લાલજી પટેલ અને અન્યોનું કહેવું છે કે, તેમનું આંદોલન જારી રહેશે. કારણ કે તેમના નેતાઓ જેલમાં રહેલા છે.


**ગાંધીનગર માટે જોઈએ છે**

- કાઉન્સિલર કમ રિસેપ્સનીસ્ટ (ગ્રેજ્યુએટ હોવું જરૂરી)
- પટાવાળો

9428804128


# પાંચ સ્તરીય સુરક્ષાથી પાકિસ્તાન બોર્ડરને લોક કરવા તખ્તો તૈયાર

**સીસીટીવી, થર્મલ ઈમેજ, નાઈટ વિઝન સાધનોની સાથે ૨૪ કલાક આધુનિક ટેકનોલોજી મારફતે ચાંપતી નજર રખાશે : ૧૩૦ જગ્યાએ લેજર બેરિયર્સ**



નવી દિલ્હી,તા. ૧૧

કેન્દ્ર સરકારે પાકિસ્તાન સાથે જોડાયેલી ૨૯૦૦ કિલોમીટર લાંહી સરહદની સુરક્ષાને વધારે મજબુત કરવાની યોજનાને મંજુરી આપી દીધી છે. આ યોજના હેઠળ પાંચ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. આ યોજનાનો મુખ્ય હેતુ પશ્ચિમી સરહદ પરથી ઘુસણખોરીને સંપૂર્ણપણે રોકવાનો છે. આમાં ૨૪ કલાક અતિ આધુનિક ટેકનોલોજી મારફતે સરહદની સુરક્ષા કરવાની બાબતનો સમાવેશ થાય છે. એમ માનવામાં આવે છે કે પઠાણકોટ હુમલા બાદ બીજા આવા હુમલાને રોકવા માટે તેમજ માદક દ્રવ્યોની હેરાફેરીને રોકવા માટે આ પગલા લેવામાં આવી રહ્યા છે. સરહદ પારની દરેક ગતિવિધી પર નજર રાખવા માટે સીસીટીવી કેમેરા, થર્મલ ઈમેજ અને નાઈટ વિઝન સાધનોની સાથે યુદ્ધના મેદાનમાં નિરીક્ષણ માટે ઉપયોગ કરવામાં આવતા રડાર, ભૂમિગત સેન્સર અને લેજર બેરિયર્સ સ્થાપિત કરવામાં આવનાર છે. અધિકારીઓએ કહ્યુ છે કે આ તમામ સાધનો મળીને કામ કરનાર છે. આવી સ્થિતીમાં જો ઘુસણખોરીના સમય પર એક પણ સાધન બંધ કરી દે છે તો બીજા કન્ટ્રોલ રૂમને સુચના આપી દેશે. લેજર બેરિયર્સને ૧૩૦ એવા સ્થાનો પર ગોઠવી દેવામાં આવનાર છે જ્યાં વાડ બાંધવાની પ્રક્રિયા હાલમાં પૂર્ણ કરાઈ નથી.આમાં જમ્મુ કાશ્મીરના પહાડી અને નદીવાળા વિસ્તારોથી લઈને ગુજરાતના હિસ્સાનો પણ સમાવેશ થાય છે. આ જ તમામ એવા વિસ્તાર છે જે વિસ્તારોનો ઉપયોગ ઘુસણખોરી માટે સૌથી વધારે કરવામાં આવે છે. સરકારે પાકિસ્તાન સાથે જોડાયેલી ૨૯૦૦ કિલોમીટર લાંબી સરહદ મારફતે ઘુસણખોરીને રોકવા માચે પાંચ સ્તરીય યોજનાની રૂપરેખા તૈયાર કરી છે. સરકારે ૨૪ કલાક સુરક્ષા માટેની યોજના તૈયાર કરી છે. યોજના પર વધારે ખર્ચ કરવામાં આવનાર છે પરંતુ આ યોજના અમલી કરવામાં આવનાર છે. સ્વતંત્રતા બાદ પ્રથમ વખત મોદી સરકાર પશ્ચિમી સરહદને સંપૂર્ણપણે લોક કરવા માટે આગળ વધી રહી છે. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે રડાર ૩૬૦ ડિગ્રી કવરેજ કરે છે. કેમેરા દિન રાત કામ કરશે. આવી સ્થિતીમાં સરહદની બન્ને બાજુએ ચાંપતી નજર રહી શકશે. સર્વગ્રાહી સરહદી મેન્જમેન્ટ વ્યવસ્થા હવે સુરક્ષા દળોને એવા લોકોને પણ પકડી પાડવામાં મદદ કરશે જે ઘુસણખોરોને ભારતમાં ઘુસાડી દેવા માટે મદદ કરે છે. સરકારે ગુજરાત અને પંજાબના ૩૦-૩૦ કિલોમીટરના વિસ્તારમાં કોમ્પ્રેહેન્સિવ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (સીઆઈબીએમએસ) લગાવવાની મંજુરી આપી દીધી છે.

# આસામ-પશ્ચિમ બંગાળમાં શાંતિપૂર્ણ રીતે ઊંચું મતદાન

નવી દિલ્હી,તા. ૧૧

આસામ અને પશ્ચિમ બંગાળમાં આજે શાંતિપૂર્ણ રીતે ઊંચુ મતદાન થયું હતું. આસામમાં ૬૧ બેઠક માટે ૮૨.૦૨ ટકા મતદાન થયું હતું. જ્યારે પશ્ચિમ બંગાળમાં ૩૧ બેઠકો માટે ૭૯.૫ ટકા મતદાન થયું હતું. કેટલીક જગ્યાએ હિંસાના બનાવો બન્યા હતા. આસામમાં મતદારો અને સીઆરપીએફના જવાનો વચ્ચે અથડામણો થઈ હતી. જવાનોએ હવામાં ગોળીબાર પણ કર્યો હતો. પશ્ચિમ બંગાળમાં પણ વર્ધમાનમાં પણ અથડામણ થઈ હતી. જેમાં ચાર લોકો ઘાયલ થયા હતા.

આસામના નીચલા અને મધ્યમ વિસ્તારોમાં હિંસાના બનાવો બન્યા હતા. આસામમાં મોટી સંખ્યામાં મતદારો શરૂઆતથી જ ઊત્સાહિત દેખાયા હતા. અગાઉ પશ્ચિમ બંગાળ અને આસામમાં

● અનુસંધાન પાન-૭ પર








